રાજા રજવાડાઓએ વરસાદી પાણી દરિયામાં વહી જાય તે માટે ખાડી બનાવી હતી પરંતુ પુરાણ કરી દેવાયું

# 5 દિવસ બાદ સુરતમાંથી પાણી ઓસર્યાં

**પરવટ**, મીઠી ખાડી, અલથાણ, પાંડેસરા વિસ્તારમાં પાણી ઉતરતા જ નર્કાગાર જેવી સ્થિતિ બહાર આવી

**સ્વચ્છતામાં** નંબર વન સુરતનું તંત્ર પરિક્ષામાં પાર ઉતરે છે કે નહીં, તે જોવુ રહ્યું

સુરત : ખાડીપૂરના પાણીથી ચાર-ચાર દિવસ સુધી ઘમરોળાયેલા સુરતના અનેક વિસ્તારોમાં હવે પાણી ઓસરતાં નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં ઠેરઠેર કાદવ, ગંદકીના ગંજ, મરેલા પશુઓ, સડી ગયેલું અનાજ, ઘરવખરીનો કચરો અને દુર્ગંધના કારણે સ્થાનિકો માટે ગંભીર આરોગ્ય સંકટ ઊભું થયું છે. શહેરને સ્વચ્છતામાં નંબર-વન ગણાવતી સુરત મહાનગરપાલિકા માટે હવે સૌથી મોટી પડકારરૂપ કામગીરી અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપથી સફાઈ કરીને જનજીવનને ફરી સામાન્ય બનાવવાની બની છે.

લિંબાયત, ઉધના, વરાછા સહિતના ખાડીપૂરગ્રસ્ત વિસ્તારોમાં પાણી ઉતર્યા બાદ ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે. ચાર દિવસ સુધી પાણીમાં ડૂબેલા ઘરોમાંથી બહાર કાઢવામાં આવી રહેલો બગડેલો સામાન, સડી ગયેલું અનાજ અને અન્ય કચરાના કારણે દુર્ગંધ ફેલાઈ રહી છે. સ્થાનિકોમાં ચેપી રોગચાળાનો ભય પણ જોવા મળી રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે સુરત મહાનગરપાલિકાએ દાવો કર્યો છે કે ભારે વરસાદ અને ખાડીપૂર બાદ રાહત, સફાઈ અને પુનઃસ્થાપનની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. પાલિકાના જણાવ્યા મુજબ રવિવાર બપોર સુધીમાં શહેરના તમામ 68 વોટર લોગિંગ પોઈન્ટ પરથી પાણીનો સંપૂર્ણ નિકાલ કરવામાં આવ્યો છે. મીઠી ખાડી, કાંકરા ખાડી અને ભેદવાડ ખાડીના જળસ્તર ઘટતાં વરાછા, લિંબાયત અને ઉધના ઝોનના નીચાણવાળા વિસ્તારોમાંથી પણ પાણી સંપૂર્ણપણે ઉતરી ગયું છે. મનપાએ અસરગ્રસ્ત માર્ગોને પૂર્વવત કરવા માટે જીએસબી મટીરીયલ, પ્રી-મિક્સ અને જેટ પેચર ટેક્નોલોજીથી રસ્તાઓનું સમારકામ શરૂ કર્યું છે. બીજી તરફ ઉધના ઝોનમાંથી સ્થળાંતર કરાયેલા 660 લોકોને શેલ્ટર હોમમાં આશ્રય, ભોજન, પીવાનું પાણી, દૂધ અને તબીબી સારવાર પૂરી પાડવામાં આવી હતી. વિવિધ સંસ્થાઓના સહયોગથી હજારો ફૂડ પેકેટ, રાશન કિટ્સ અને પાણીની બોટલોનું પણ વિતરણ કરવામાં આવ્યું હોવાનું મનપાએ જણાવ્યું છે. જોકે અસરગ્રસ્ત વિસ્તારોમાં હવે લોકોની નજર મનપાની સફાઈ કામગીરી પર ટકેલી છે. કારણ કે પાણી તો ઉતરી ગયું છે, પરંતુ પાછળ છોડી ગયેલી ગંદકી, દુર્ગંધ અને ચેપી રોગોના જોખમને દૂર કરવું હવે તંત્ર માટે સૌથી મોટી કસોટી બની છે.

### કતારગામમાં પણ મનપાનું દળકટક કામે લાગ્યું

કતારગામ વિસ્તારમાં તંત્ર દ્વારા તા. 22 જુલાઈથી તા. 26 જુલાઈ, 2026 દરમિયાન ઝોનના કુલ 23 સ્પોટ પર 1555 ચોરસ મીટર વિસ્તારમાં રોડ સ્ક્રેપિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત, અલગ-અલગ 81 સ્થળોએ 202.74 મેટ્રિક ટન GSB મટીરીયલ, જેટ પેચર મશીન અને SDBC ના ઉપયોગથી 1670 ચોરસ મીટરથી વધુ રસ્તાઓનું સમારકામ કરાયું છે તથા 20 જેટલા પોટહોલ્સ (ખાડાઓ) પૂરી દેવામાં આવ્યા છે. ચોમાસા દરમિયાન ટ્રાફિક વ્યવહાર સુચારુ રહે તે માટે ટી.પી. રસ્તાઓ પર સ્ટોર્મ અને ડ્રેનેજના 93 મશીન હોલ તથા 257 ઇનલેટ ચેમ્બરોની સઘન સાફ-સફાઈ કરવામાં આવી છે.

### કુલ 10.39 લાખ કિલો ઘન કચરો દૂર કરાયો

શહેરમાં સુરત મનપા દ્વારા તા. 23 જુલાઈથી દૈનિક 9,000થી વધુ સફાઈ કર્મચારીઓ, 60થી વધુ જેસીબી/લોડર અને 140થી વધુ વાહનોની મદદથી ત્રણ શિફ્ટમાં કામગીરી કરી અત્યાર સુધીમાં 10.39 લાખ કિલો ઘન કચરો દૂર કરવામાં આવ્યો છે. આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા 42 રેપિડ રિસ્પોન્સ ટીમ અને 900થી વધુ તબીબી કર્મચારીઓએ 3.59 લાખથી વધુ ઘરોમાં 13.36 લાખથી વધુ નાગરિકોનું આરોગ્ય સર્વેક્ષણ કર્યું છે. શહેરમાં 82,800 કિલોથી વધુ જંતુનાશક દવાનો છંટકાવ, 1,183 રાઉન્ડ ફોગિંગ, તેમજ 2 લાખથી વધુ ક્લોરિન ટેબ્લેટ અને 72,000થી વધુ ORS પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. સુરત મનપાએ પોતાના 200 સફાઈ કર્મચારીઓ, 11 સુપરવાઈઝર, ફાયર બાઉઝર અને મરેલા જાનવરોના નિકાલ માટેની ટીમ અને વાહનો પૂરગ્રસ્ત નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં મદદ અર્થે રવાના કર્યા છે.

### પાણી ઉતર્યા બાદ ગેરેજ પર રિપેરિંગ માટે વાહનોનો રાફડો



■ પરવટ પાટિયા વિસ્તારમાં ખાડીપૂરના પાણી ઓસરતા જ હાલાકીની તસવીરો સામે આવી રહી છે. ધંધા-રોજગાર, ઘરવખરી ઉપરાંત પાણીમાં લોકોના વાહનો ગરકાવ થઈ જતાં ઘણું નુકસાન થયું છે. ત્યારે ગેરેજ પર રિપેરિંગ માટે વાહનોની લાંબી કતારો અને જમાવડો હાલાકીની ગવાહી પૂરી પાડે છે. **(તસવીરઃ સતીષ જાદવ)**

## ભેસ્તાનમાં મોપેડ સ્લીપ થઈને ડીવાઈડર સાથે અથડાતા યુવકનું મોત

સુરતઃ ભેસ્તાનમાં રાત્રે જમીને એમ જ આટો મારવા નીકળેલા યુવકની મોપેડ સ્લીપ થઈને ડીવાઈડર સાથે અથડાતા તેનું મોત થયું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અનિલ રામસુજન હરિજન (21 વર્ષ) હાલમાં ભેસ્તાન સિધ્ધનાથનગર પાસે આવેલ વાલ્મિકી આવાસમાં પરિવાર સાથે રહેતો હતો. તે શાકભાજીની લારી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. અનિલ ગત તા. 23મીએ રાત્રે કામ પરથી ઘરે આવ્યા બાદ તે જમીને મોપેડ પર આટો મારવા નીકળ્યો હતો. તે વખતે સિદ્ધાર્થનગર સરકારી સ્કૂલ પાસે મોપેડ સ્લીપ થઈને ડિવાઇડર સાથે જોરદાર ભટકાઈ હતી. જેમાં તેને ગંભીર ઈજા થતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેનું શનિવારે સાંજે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે પાંડેસરા પોલીસના પીએસઆઇ વી.પી પરમારે વધુ તપાસ હાથ ધરી હતી.

## વરાછામાંથી રૂ.૧.૪૮ લાખના ગાંજા સાથે એક પકડાયો

સુરતઃ વરાછા પોલીસે રૂ.૧.૪૮ લાખથી વધુની કિંમતના ગાંજાના જથ્થા સાથે એકને ઝડપી પાડ્યો હતો. વરાછા પોલીસે પાટીચાલ ઝૂંપડપટ્ટીમાં આવેલા નરસિંહ મંદિરના ટેકરા પાસે પોતાના ઘર પાસે ઊભેલા સત્તારભાઈ ખલીલભાઈ અંસારી (ઉ.વ. ૪૬, મૂળ ગાજીપુર, અલ્હાબાદ/યુ.પી.)ની તલાશી લેતાં તેની રૂ. ૧,૪૮,૧૫૦ ની કિંમતનો ૨.૯૬૩ કિલોગ્રામ ગાંજો, રૂ.૩,૦૦૦ ની રોકડ રકમ અને રૂ.૫,૦૦૦ ની કિંમતનો ઓપ્પો કંપનીનો મોબાઈલ મળી કુલ રૂ. ૧,૫૬,૧૫૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. અટકાયત કરાયેલ આરોપી ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો રાખીને તેનું વેચાણ કરતો હતો. વરાછા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સાગર માર્કેટના વેપારી સાથે રૂ. ૫.૧૨ લાખ ઠગાઇ

સુરતઃ વેસુના સ્વસ્તિક માઇલસ્ટોન ખાતે રહેતા વિરેન્દ્ર લખપતરાજ મોહતા રિંગ રોડ પર આવેલી સાગર ટેક્સટાઇલ માર્કેટમાં કાપડનો વેપાર કરે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન તેમણે 'સુધા ટેક્ષ'ના પ્રોપાઈટર સુબ્રમણી રવિકુમારને ટ્રાન્સપોર્ટ મારફતે કુલ રૂ. ૬,૨૨,૭૯૨ની સાડી મોકલી હતી. ત્યારબાદ તેણે ટુકડે-ટુકડે રૂ. ૧,૧૦,૦૦૦/- ચૂકવ્યા હતા, પરંતુ બાકી નીકળતી રૂ. ૫,૧૨,૭૯૨/- ની રકમ માટે ગોળ-ગોળ જવાબો આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ પણ તેણે નાણા નહીં ચૂકવતા આ મામલે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે.

## કાકાને ત્યાં રહી ભણતી એસ. ડી.જૈન કોલેજની વિદ્યાર્થિનીનો આપઘાત

**કાનની** બીમારીથી અથવા તો યુવકની હેરાનગતિથી આપઘાત કર્યો હોવાની શક્યતા

સુરતઃ એસડી જૈન કોલેજની વિદ્યાર્થિનીએ શનિવારે સાંજે પોતાના ઘરમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાને લઈને યુવતીના મોબાઈલમાંથી મળેલા વોટ્સએપ મેસેજના સ્ક્રીનશોટ બાદ તેને કોઈ યુવક દ્વારા હેરાન કરવામાં આવતી હોવાના આક્ષેપ પરિવારજનોએ કર્યા છે. જોકે, બીજી તરફ યુવતીને કાનની તકલીફને કારણે માનસિક તણાવ રહેતો હોવાનું પણ સામે આવતા પોલીસે તમામ દિશામાં તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, મૂળ ઝારખંડના વતની અને હાલમાં પાલ રોડ પર બાગબાન સર્કલ પાસે આવેલા સુમન મુદ્રા એસએમસી આવાસમાં રહેતી કાજલકુમારી રામલખન યાદવ (ઉ.વ.20) વેસુ રોડ સ્થિત એસ.ડી. જૈન કોલેજમાં એસ.વાય. બીકોમમાં અભ્યાસ કરતી હતી.

પરિવારજનોએ જણાવ્યું હતું કે, કાજલકુમારીના મોબાઇલમાં કેટલાક વોટ્સએપ મેસેજના સ્ક્રીનશોટ મળ્યા હતા, જેમાં એક યુવક દ્વારા સતત મેસેજ કરી તેને હેરાન કરવામાં આવતી હોવાનું જણાય છે. આ કારણે માનસિક તણાવમાં આ પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, પાલ પોલીસના તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે, યુવતીને છેલ્લા કેટલાક સમયથી કાનની તકલીફ હતી, તેના કાનનું ઓપરેશન કરવાની સલાહ ડોક્ટરે આપી હતી. જે વાતના ટેન્શનમાં આવીને તેને આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. યુવતીનો મોબાઈલ કબજે લઈ ફોરેન્સિક તપાસ તેમજ પરિવારના નિવેદનોના આધારે સમગ્ર ઘટનાની હકીકત બહાર લાવવામાં આવશે.

## કંપનીના નામની બોગસ ફર્મ બનાવી સેલ્સમેનની ૧.૮૦ કરોડની ઉચાપત

**સિતારા** બેગ નામની બોગસ પેઢી ઊભી કરી બોગસ બેંક એકાઉન્ટ પણ ખોલાવ્યું

**ધંધામાં** નુકસાન જતાં માલિકે હિસાબ તપાસતા ભોપાળું બહાર આવ્યું

સુરતઃ ઉધના વિસ્તારમાં આવેલી જાણીતી બેગ ઉત્પાદક પેઢીમાં કરોડો રૂપિયાની વિશ્વાસઘાત અને ઉચાપતનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. સેલ્સમેને જ માલિક સાથે ૧,૮૦,૦૦,૦૦૦ કરોડની ઠગાઇ કરનારની પોલીસે ધરપકડ કરી છે.

રાંદેરના કોઝ-વે રોડ સ્થિત સાનિયા રેસિડેન્સીમાં રહેતા મોહંમદ સેહજાદ મોહંમદ સત્તાર આલમ ઉધના ઉપયોગનગરમાં 'સીતારા બેગ' અને 'સ્કાઈલર' ના નામે બેગનું ઉત્પાદન તથા ઓનલાઈન વેચાણ કરે છે. તેમણે વર્ષ ૨૦૨૨ માં મનિષ ચંદ્રકાંત પઠાડે નામના યુવકને રૂ. ૨૦,૦૦૦ ના માસિક પગારથી સેલ્સમેન તરીકે નોકરીએ રાખ્યો હતો. તે પેઢી માટે ઓર્ડર લેવા, માલ મોકલવો અને નાણાકીય હિસાબ-કિતાબ રાખવા જેવી મહત્વની જવાબદારી નિભાવતો હતો. છેલ્લા એકાદ વર્ષથી ધંધામાં સતત નુકસાન જતું હોવાથી માલિક સેહજાદભાઈએ ઊંડાણપૂર્વક હિસાબો તપાસતા જાણવા મળ્યું હતું કે, મનિષે તેના નામે 'મનવંશ ટ્રેડઝ' નામની ફર્મ અને તમિલનાડુ મર્કન્ટાઈલ બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. ત્યારબાદ ઓનલાઈન પ્લેટફોર્મ પર 'સીતારા બેગ' જેવી જ બોગસ પેઢી 'સીતારા બેગ્સ' બનાવી હતી. તે અસલ કંપનીનો માલ ઓછી કિંમતે બતાવી ઓર્ડર મેળવતો અને ગ્રાહકો પાસેથી મળતા નાણાં બારોબાર પોતાના અંગત બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લેતો હતો. વર્ષ ૨૦૨૨ થી નવેમ્બર-૨૦૨૫ દરમિયાન તેણે ટુકડે-ટુકડે રૂ. ૧,૮૦,૦૦,૦૦૦ ની મોટી ઉચાપત આચરી હતી. ચોંકાવનારી વાત એ છે કે, આ ઉચાપતના નાણાંમાંથી મનિષે ડિંડોલીના ક્રિસ્ટલ હોમ્સમાં મકાન, નવસારી ખાતે જમીન, પત્ની અને માતા માટે સોના-ચાંદીના દાગીના તેમજ ફોર-વ્હીલર અને ઈલેક્ટ્રિક સ્કૂટર ખરીદ્યા હતા .ભોપાળું છતું થતાં માલિકે તેનો ખૂલાસો પૂછતા તેણે ગુનો સ્વીકારી નોટરી કરાર કરી આપ્યો હતો. પરંતુ નાણા નહીં ચૂકવતા પોલીસે આરોપી મનિષ ચંદ્રકાંત પઠાડે( રહે.૫૯,લક્ષ્મીનગર રોડ નં.૮ સાંઇ બાબા મંદીર પાસે ઉધના સુરત ,હાલ. પ્લોટ નં-૦૪, ક્રિસ્ટલ હોમ્સ જી-૯ બીઝનેસ સેંટર પાસે ડિંડોલી) ની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## પૂર પીડિતોને વહેલી સહાય માટે સરવે કરવા 20 ટીમ મેદાને

**કલેક્ટરના** માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગોના 80 કર્મીને તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલાયા

સુરતઃ સુરત શહેરમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને ખાડીપૂરના કારણે અસરગ્રસ્ત બનેલા પરિવારોને સરકારની સહાય ઝડપથી મળી રહે તે માટે જિલ્લા કલેક્ટર તેજસ પરમારના માર્ગદર્શન હેઠળ રાજ્ય વેરા વિભાગ, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા (FSL) તથા લિંબાયત કોલેજના પ્રોફેસરો સહિત વિવિધ વિભાગોના અધિકારીઓને સરવે કામગીરીમાં જોડવામાં આવ્યા છે.

વહીવટીતંત્ર દ્વારા વર્ગ-1 અને વર્ગ-2ના કુલ 8 અધિકારીના નેતૃત્વ હેઠળ 20 વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમોમાં વિવિધ વિભાગોના કુલ 80 અધિકારી-કર્મચારીઓને સામેલ કરીને તેમને તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચીને સરવે શરૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ટીમો મુખ્યત્વે સુરત શહેરના ઉધના અને પુણા વિસ્તારના મામલતદારોના સંકલન હેઠળ કાર્ય કરશે. ભારે વરસાદ અને પાણી ભરાવાના કારણે થયેલા માનવ મૃત્યુ, ઈજાઓ તેમજ મકાનો, ઘરવખરી, કપડાં અને અન્ય જંગમ-સ્થાવર મિલકતોને થયેલા નુકસાનનું સ્થળ પર જઈને મૂલ્યાંકન કરવામાં આવશે. સરવે પૂર્ણ થયા બાદ સરકારની માર્ગદર્શિકા મુજબ કેશડોલ્સ, ઘરવખરી અને કપડાં સહિતની વિવિધ સહાય અસરગ્રસ્ત પરિવારોને ઝડપથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. જિલ્લા વહીવટીતંત્રે જણાવ્યું છે કે પૂરગ્રસ્ત વિસ્તારોમાં સહાય વિતરણમાં કોઈ વિલંબ ન થાય તે માટે વધારાની માનવશક્તિ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

## કારગીલ વિજય દિવસ: 100 ફૂટ ઊંચો તિંરગો, સરદાર પ્રતિમાનું અનાવરણ

સુરત : શહેરના મોટા વરાછા વિસ્તારમાં કારગિલ વિજય દિવસ નિમિત્તે સુદામા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર વિસ્તાર દેશભક્તિના રંગે રંગાયેલો જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા તેમજ શહેરના અનેક સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 100 ફૂટ ઊંચા વિશાળ તિરંગાનું ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું, જેનાથી આકાશ ભારત માતા કી જયના નારાઓથી ગૂંજી ઊઠ્યું હતું. આ સાથે જ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું,




## લાજપોર જેલમાં પોક્સોના આરોપીનું તબિયત લથડતાં મોત

સુરતઃ ઉધના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો કેસના આરોપીનું લાજપોર જેલમાં અચાનક તબિયત બગડતાં મોત થયું હતું. બેરેકમાં ચક્કર આવી ઢળી પડેલા આરોપીને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. સચિન પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, વર્ષ 2021માં ઉધના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો કેસમાં 65 વર્ષીય અશોક શિવલાલ રાણાની ધરપકડ કરવામાં આવી હતી. રવિવારે મધરાત્રે અંદાજે 2:30 વાગ્યાના સુમારે જેલના બેરેકમાં અશોકને અચાનક ચક્કર આવતાં તે ઢળી પડ્યો હતો. જેલના પોલીસ કર્મચારીઓએ તેને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યો હતો. જોકે ફરજ પરના તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો.

## દુબઈથી પરત ફરતા સાયબર ફ્રોડ કેસનો ફરાર આરોપી ઝડપાયો

**'ઓપરેશન** મ્યુલ હન્ટ 2.0' હેઠળ અડાજણના ઈનામુહસન કટપીસવાલાની ધરપકડ

**બે** વર્ષથી વિદેશમાં છુપાઇ પોલીસને ચકમો આપતો હતો

સુરતઃ જૂનાગઢ રેન્જ સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા 50.51 લાખના સાયબર ફ્રોડ કેસમાં છેલ્લા બે વર્ષથી ફરાર ચાલતા આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચે રાજ્યવ્યાપી 'ઓપરેશન મ્યુલ હન્ટ 2.0' અંતર્ગત ઝડપી પાડી મહત્વની સફળતા મેળવી છે. દુબઈથી સુરત પરત ફર્યાની ચોક્કસ બાતમીના આધારે વાહનચોરી સ્કોડે અડાજણ પાટીયા વિસ્તારમાંથી આરોપીની ધરપકડ કરી તેને વધુ તપાસ માટે જૂનાગઢ રેન્જ સાયબર પોલીસને સોંપ્યો છે.

ઝડપાયેલો આરોપી ઈનામુહસન મોહમદઉમર કટપીસવાલા (ઉં.વ. 26, રહે. ફઝલ ટાવર, અડાજણ પાટીયા, સુરત) હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. કેસ નોંધાયા બાદ પોતાની ધરપકડથી બચવા તે પ્રથમ સાઉદી અરેબિયા, ત્યારબાદ થાઈલેન્ડ અને પછી દુબઈમાં છુપાઈ રહ્યો હતો. દુબઈમાં તે મોબાઈલની દુકાનમાં નોકરી કરી રહ્યો હોવાનું પણ તપાસમાં ખુલ્યું છે.

પોલીસના જણાવ્યા મુજબ, જુલાઈ-2024 દરમિયાન જૂનાગઢના એક વ્યક્તિને ટેલિગ્રામ મારફતે પાર્ટ-ટાઈમ જોબ અને રોકાણ પર વધુ નફાની લાલચ આપી છેતરપિંડી કરવામાં આવી હતી. 'દુર્ગા સુરી' અને 'સોમ્યા' નામના ફેક આઈડીથી સંપર્ક કરી ફરિયાદીને ટેલિગ્રામના ગ્રુપમાં જોડવામાં આવ્યો હતો, જ્યાં ખોટા નફાના સ્ક્રીનશોટ બતાવી વિશ્વાસમાં લેવામાં આવ્યો હતો. આરોપીઓએ ફરિયાદી પાસેથી તા. 4 જુલાઈથી 18 જુલાઈ, 2024 દરમિયાન અલગ-અલગ 28 બેંક ખાતાઓમાં કુલ 50,51,384 ટ્રાન્સફર કરાવ્યા હતા. વિશ્વાસ જળવાઈ રહે તે માટે માત્ર 43,366 પરત આપ્યા બાદ બાકીની સમગ્ર રકમ પડાવી લીધી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે ગેંગ ભાડે મેળવેલા 'મ્યુલ એકાઉન્ટ્સ'માં ફ્રોડની રકમ જમા કરાવતી હતી. ત્યારબાદ બાયનાન્સ (Binance) એપ્લિકેશન મારફતે રૂપિયા USDTમાં કન્વર્ટ કરી વિદેશમાં બેઠેલા મુખ્ય સૂત્રધારો સુધી પહોંચાડવામાં આવતા હતા અને તેના બદલામાં કમિશન મેળવવામાં આવતું હતું. આ જ કેસમાં અગાઉ સુરતના કુલ સાત આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે. હવે ફરાર મુખ્ય આરોપી ઈનામુહસનની ધરપકડ થતાં તપાસમાં વધુ મહત્વના ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## યાર્ન વેપારમાં ઉઠમણું કરનાર વેપારીના આગોતરા નામંજૂર

**1.63** કરોડના ઠગાઈ કેસમાં ધરપકડથી બચવા આરોપી લલીત ઉર્ફે કૈલાશ અગ્રવાલએ આગોતરા જામીન અરજી કરી હતી

સુરતઃ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂ.1.63 કરોડથી વધુના યાર્ન વેપાર સંબંધિત છેતરપિંડી અને વિશ્વાસઘાતના કેસમાં ભીમરાડના આરોપી લલીત ઉર્ફે કૈલાશ રમણલાલ અગ્રવાલની આગોતરા જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી.

આ કેસમાં આરોપી વિરુદ્ધ યાર્ન વેપારી મિતુલ રૂવાલાએ ફરિયાદ નોધાવી હતી. આ કેસમાં આરોપી તરફથી દલીલ કરવામાં આવી હતી કે તેઓ હનુમંત એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર નથી, પરંતુ માત્ર દલાલ તરીકેની ભૂમિકામાં હતા અને ફરિયાદી સાથેનો વ્યવહાર મૂળભૂત રીતે કોમર્શિયલ તથા સિવિલ પ્રકારનો છે તેમજ અન્ય આરોપીને જામીન મળ્યાં હોય પેરિટીનો લાભ આપવા રજૂઆત કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ મુંજાલ બ્રહ્મભટ્ટે આગોતરા જામીનનો વિરોધ કરતાં રજૂઆત કરી હતી. આરોપીએ સહઆરોપી સાથે મળીને ફરિયાદી અને અન્ય વેપારીઓ પાસેથી યાર્ન મેળવ્યું હતું. ફરિયાદ મુજબ એન.ડી. રૂવાલા એલએલપી પાસેથી રૂ.79,69,789, ચોકસી યાર્ન પાસેથી રૂ.33,13,759 તથા શ્રી ઉમિયા પ્રા. લિ. અને શ્રી ઉમિયા પોલી યાર્ન એલએલપી પાસેથી રૂ.50,28,519 મળી કુલ રૂ.1,63,12,067નું યાર્ન મેળવ્યા બાદ તેનું પેમેન્ટ કરવામાં આવ્યું નહોતું. પેમેન્ટ માટે બાંહેધરી તથા MOU કરવામાં આવ્યા હોવા છતાં ચૂકવણી ન કરી ફોન અને ઓફિસ બંધ કરી દેવામાં આવી હોવાનો આક્ષેપ છે. બંને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપી લલીત ઉર્ફે કૈલાશ રમણલાલ અગ્રવાલની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી.

## MPથી ભાગી આવેલી બાળકી પર વિધર્મી સગીરનું ત્રણ વાર દુષ્કર્મ

**પ્રેમજાળમાં** ફસાવી મજબૂરીનો લાભ ઊઠાવ્યો, યુપી ભાગી છૂટ્યો

**સચિન** પોલીસે BNS અને પોક્સો હેઠળ ગુનો નોંધી આરોપી સગીરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા

સુરત : મધ્યપ્રદેશથી ભાગીને સુરતના સચિનમાં આશ્રય લેવા આવેલી ૧૪ વર્ષીય સગીરાની મજબૂરીનો લાભ ઉઠાવી, ૧૬ વર્ષના વિધર્મી સગીરે તેને પોતાની પ્રેમજાળમાં ફસાવી બે દિવસમાં ત્રણ વખત દુષ્કર્મ આચરતાં ચકચાર મચી ગઈ છે. ઘટના અંગે બાળકીના પિતાની ફરિયાદના આધારે સચિન પોલીસે પોક્સો (POCSO) અને BNS ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વતન યુપી ભાગી છૂટેલા વિધર્મી સગીરની શોધખોળ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશનો પરિવાર અગાઉ સુરતમાં સ્થાયી થયો હતો, જ્યાં બાળકી વાંઝ ગામની એક મિલમાં કામ કરતી હતી. એ સમયે જ તેની દોસ્તી તે જ મિલમાં કામ કરતા વિધર્મી સગીર સાથે થઈ હતી. ફેબ્રુઆરી મહિનામાં પરિવાર વતન પરત ફર્યો હતો. પરંતુ, ૧૬ વર્ષીય કિશોરે સગીરાને વાતોમાં ભોળવી સુરત બોલાવી લીધી હતી. પરિવારે દીકરી ગુમ થતાં મધ્યપ્રદેશના સ્થાનિક પોલીસ મથકે અગાઉથી જ અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

છેલ્લા દોઢ-બે મહિનાથી સુરત આવી પહોંચેલી ૧૪ વર્ષીય સગીરાને શરૂઆતમાં કિશોરે સચિન વિસ્તારમાં તેના એક મિત્રના પરિવાર સાથે રાખી હતી. ત્યારબાદ બંને અલગથી આજ વિસ્તારમાં રહેવા લાગ્યા હતા. એકલા અજાણ્યા શહેરમાં બાળકીની લાચારીનો ગેરલાભ ઉઠાવી, સગીરે ૧૫ અને ૧૬ જુલાઈના રોજ અલગ-અલગ ત્રણ વખત તેની પર દુષ્કર્મ આચર્યું હતું. આ કૃત્ય બાદ સગીર તેના વતન ઉત્તર પ્રદેશ ભાગી છૂટ્યો હતો.

આ પિશાચી કૃત્યથી ભાંગી પડેલી સગીરાએ પોતાની આપવીતી પરિવારજનોને જણાવતાં પિતા તાબડતોબ સુરત દોડી આવ્યા હતા. પિતાની ફરિયાદના આધારે સચિન પોલીસે ગુનો દાખલ કર્યો છે. ACP એન. પી. ગોહિલે જણાવ્યા અનુસાર, કાયદાના સંઘર્ષમાં આવેલા આરોપી સગીરની ભાળ મેળવવા માટે પોલીસની ટીમ કામે લાગી છે અને તેને ટૂંક સમયમાં જ તાબામાં લેવામાં આવશે.

## નાણાંની વસૂલાત માટે હીરા વેપારીને કાર નીચે કચડી નાંખવાની કોશિશ

**ભાગીદારીના** હિસાબ માટે ત્રાહિત હાર્દિક ગઢવીએ બેઝબોલની બેટથી હુમલો કર્યો

સુરતઃ મોટાવરાછામાં ભાગીદારીના હિસાબ બાબતે ભાગીદારની તરફેણ કરી ત્રાહિત માથાભારે વ્યક્તિએ બેઝબોલના ફટકા મારતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

મોટા વરાછા રિવરવ્યુ હાઈટ્સમાં રહેતા અને મિની બજાર ખાતે 'સી વિપુલ ઈમ્પેક્ટ' નામે હીરા લે-વેચનો ધંધો કરતા ચંદ્રેશભાઈ વલ્લભભાઈ મેઘાણી (ઉં.વ. ૪૪) વર્ષ ૨૦૨૪ માં તેમના મિત્ર દેવેન્દ્ર ચૌધરીની 'ડાયમંડ કિંગ' નામની પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા હતા. બાદમાં મનુભાઈ માંગુકિયા અને તેમના પુત્ર મયુરે પણ આ કંપનીમાં રોકાણ કર્યું હતું. મંદી આવતાં ચંદ્રેશભાઈ હિસાબ-કિતાબ ચૂકતે કરી છૂટા થઈ ગયા હતા. જોકે, મનુભાઈ તેમના રોકાણના નાણાં ચંદ્રેશભાઈ પાસેથી વસૂલવા અવારનવાર દબાણ કરતા હતા, જ્યારે ચંદ્રેશભાઈએ તમામ હિસાબ દેવેન્દ્રભાઈ સાથે પૂરો કરી દીધો હોવાનું સ્પષ્ટ કર્યું હતું. દરમિયાન હાર્દિક ગઢવી નામનો શખ્સ મનુભાઈના નાણાંની ઉઘરાણી માટે ચંદ્રેશભાઈને સતત ફોન કરી ધમકાવતો હતો. એક મહિના અગાઉ મીટિંગ યોજાઈ હતી જેમાં તમામ નાણાં દેવેન્દ્રભાઈએ ચૂકવવાના નક્કી થયા હતા. તા. ૨૪ જુલાઈએ રાત્રે ચંદ્રેશભાઈ ઓફિસેથી બાઈક (નં. GJ-05-KR-1909) પર ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે મોટા વરાછા રિવર સ્કેપ સોસાયટી પાસે પાછળથી આવેલી સ્વિફ્ટ કારે તેમની બાઈકને અડફેટે લીધી હતી. કારમાંથી હાર્દિક ગઢવી અને એક અજાણ્યો શખ્સ લાકડાના ફટકા સાથે ચંદ્રેશભાઈ પર તૂટી પડ્યા હતા. હુમલાખોરોએ ડાબા પગના ઘૂંટણ પર ઉપરા-ઉપરી ફટકા મારી ફ્રેક્ચર કરી દીધું હતું અને ફરી મળીશ તો જીવતો નહીં મૂકું તેવી ધમકી આપી કારમાં નાસી છૂટ્યા હતા.